

MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



"સૈની ઈન્ડિયા" એક સંપૂર્ણ પાવર સોલ્યુશન આપતી કંપની
છેલ્લા 32 વર્ષથી સમગ્ર ગુજરાતમાં પાવર જનરેશન ક્ષેત્રે અગ્રણી
સિંગલ યુનિટમાં આપે છે 3000 KVA સુધીના પાવર જનરેટરની ક્ષમતા



- When the worlds sleeps
- Our power keeps working
- Ensures uninterrupted Performance
- 24x7 service
- 365 days a year
- Because downtime is not an option
- Soundless power

SAINI INDIA
Empowering the nation
(A Rakesh Saini Enterprise)
SINCE 1989

૩૧-૦૩-૨૦૨૬ પહેલાં ડીજી સેટ ખરીદો અને મેળવો ૨ + ૩ વર્ષની વધારાની વોરંટી

Plot No. 992, Road No. 87, G.I.D.C, Sachin, Surat, Gujarat-394230
Email Id. hp@sainiindia.co.in | Website. www.sainiindia.co.in
Mo.: 95123 55591 | Office : 99041 55591 | 99044 55591



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ અંક : ૩૫ * * * સંવત ૨૦૮૨ વૈશાખ વદ નોમ, સોમવાર ૧૧ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦


# વિજય તમિલનાડુના મુખ્યમંત્રીપદે આરૂઢ

**સાથે** અન્ય નવ મંત્રીઓની પણ શપથવિધિ થઇ, શપથવિધિ સમારંભમાં રાહુલ ગાંધી હાજર

**તમિલનાડુમાં 6** દાયકા પછી ડીએમકે, અન્નાદ્રમુક સિવાયની સરકાર રચાઇ





**ચેન્નાઈ, તા. ૧૦ (PTI):** ઉમટી પડેલી પ્રચંડ જનમેદનીના હર્ષનાદ અને વધામણાં વચ્ચે, સી. જોસેફ વિજયે રવિવારે તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. તેમણે પ્રતિજ્ઞા લેતા જણાવ્યું હતું કે, સાચા બિનસાંપ્રદાયિક સામાજિક ન્યાયના એક નવા યુગની શરૂઆત હવે થાય છે.

તામિલનાડુના રાજકારણમાં વિજયનું આ સર્વોચ્ચ પદ પર આગમન એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક પરિવર્તન સૂચવે છે. તાજેતરની વિધાનસભા ચૂંટણીઓમાં તેમની પાર્ટી TVK (તમિલગ વેટ્રી કઝગમ) સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવી છે, જેણે રાજ્યમાં દાયકાઓથી ચાલી રહેલા DMK અને AIADMKના પ્રભુત્વને જડમૂળથી હલાવી દીધું છે. જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ ખાતે આયોજિત સમારોહમાં રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે 'બુસી' એન. આનંદ, આધવ અર્જુન અને કે. એ. સેન્ગોટ્ટિયનને પણ મંત્રી તરીકે પદના શપથ લેવડાવ્યા હતા. આ શપથ ગ્રહણ સમારોહમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સહિતના વરિષ્ઠ

...અનુસંધાન પાના 2 પર

## જોસેફ વિજયે ચૂંટણી વચનો મુજબની ત્રણ યોજનાઓ જાહેર કરી

**૨૦૦** યુનિટ મફત વીજળીના આદેશ પર હસ્તાક્ષર કરી પણ દીધા

મહિલાઓના રક્ષણ માટે ખાસ દળ અને ડ્રગ્સનું દૂષણ નાથવા દરેક જિલ્લામાં ખાસ યુનિટની યોજના

**ચેન્નાઈ, તા. 10 (PTI):** તમિલનાડુના મુખ્યમંત્રી જોસેફ વિજયે રવિવારે તેમના ચૂંટણી વચનોના ભાગરૂપે વીજળી, મહિલા સુરક્ષા અને ડ્રગ્સ નાબૂદીને લગતી ત્રણ યોજનાઓ રજૂ કરી હતી.

23 એપ્રિલની વિધાનસભા ચૂંટણીમાં તેમની પાર્ટી TVK ની જીત બાદ અને બહુમતી માટે જરૂરી 118 બેઠકોનો આંકડો પાર કરવા માટે બહારથી સમર્થન મેળવ્યા બાદ વિજયે તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. પદ સંભાળ્યા પછી, વિજયે બે મહિનાના બિલિંગ ચક્ર દીઠ 500 યુનિટથી વધુ વીજળીનો વપરાશ કરતા ઘરેલું ગ્રાહકોને 200 યુનિટ મફત વીજળી પૂરી પાડવાના સરકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા.

મહિલાઓમાં આત્મવિશ્વાસ જગાડવા અને તેમની સુરક્ષા વધારવા માટે, રાજ્યભરમાં પૂરતા કર્મચારીઓ અને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ 'સિંગા પેન સ્પેશિયલ એક્શન ફોર્સ' ની સ્થાપના કરવામાં આવશે. 'સિંગા પેન'નો શાબ્દિક અર્થ 'સિંહણ' થાય છે, પરંતુ સામાન્ય રીતે તે બહાદુર સ્ત્રીનું વર્ણન કરવા માટે વપરાય છે. રાજ્ય સરકારની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે આ પહેલ મહિલા સુરક્ષાને લગતી ફરિયાદો પર ઝડપી અને યોગ્ય કાર્યવાહી કરવામાં સક્ષમ બનાવશે. તે જ રીતે, તમિલનાડુમાં ડ્રગ્સ

...અનુસંધાન પાના 2 પર

### વિજયે શપથ ગ્રહણને 'ભાષણ'માં ફેરવવાનો પ્રયાસ કરતાં રાજ્યપાલે અટકાવ્યો

**ચેન્નાઈ.** ટીવીકે પ્રમુખ વિજયે રવિવારે શપથ ગ્રહણ સમારોહને એક શક્તિશાળી શપથ-ભાષણમાં ફેરવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તમિલનાડુના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ અર્લેકરે દરમિયાનગીરી કરી અને તેમને સત્તાવાર શપથ પૂરતું મર્યાદિત રહેવા જણાવ્યું હતું. શપથની શરૂઆતમાં જ વિજયે સ્ક્રિપ્ટની બહાર જઇને કહ્યું કે હું, સી જોસેફ વિજય, ભારતના કાયદેસર રીતે સ્થાપિત બંધારણ પ્રત્યે સાચો રહીશ, તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે, હું મારી જવાબદારીઓ નિભાવવા માટે પ્રામાણિકતા

...અનુસંધાન પાના 2 પર

### સ્વપ્ન સાચું પડ્યું : વિજયના શપથ ગ્રહણ સમયે પરિવારમાં ઉજવણી

**ચેન્નાઈ.** રાજકીય મહત્ત્વ અને ભાવનાત્મક પુન:મિલનથી ભરેલા આ દિવસે ટીવીકે પ્રમુખ વિજયના પરિવારે તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે તેમના શપથ ગ્રહણ સમારોહ વચ્ચે ખૂબ જ આનંદ અને ગર્વ વ્યક્ત કર્યો હતો. તેમના પિતા અને અનુભવી ફિલ્મ-નિર્માતા એસ.એ. ચંદ્રશેખરના નિવાસસ્થાનેથી રવાના થતી વખતે પરિવારના સભ્યોએ આ પ્રસંગને 'સ્વપ્ન સાચું પડવા' સમાન ગણાવ્યો હતો, જે મધર્સ ડે સાથે સુસંગત હોવાથી વધુ ખાસ બન્યો હતો. વિજયના માતા શોભા ચંદ્રશેખરે તેમના

...અનુસંધાન પાના 2 પર

### ટીવીકેના ધારાસભ્ય કરુપૈયાએ પ્રો-ટેમ સ્પીકર તરીકે શપથ લીધા

**ચેન્નાઈ.** શોલવંદન વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા ટીવીકેના ધારાસભ્ય એમ.વી. કરુપૈયાએ રવિવારે પ્રો-ટેમ સ્પીકર (કામચલાઉ અધ્યક્ષ) તરીકે શપથ લીધા હતા. લોક ભવન ખાતે આયોજિત એક સાદા સમારોહમાં રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે કરુપૈયાને શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી જોસેફ સી. વિજય હાજર રહ્યા હતા. કરૂપૈયા એઆઈએડીએમકે છોડીને ટીવીકેમાં જોડાયા હતા. તેઓ ૨૦૧૧-૧૬ દરમિયાન શોલવંદન (અનામત) બેઠકનું પ્રતિનિધિત્વ કરતા

...અનુસંધાન પાના 2 પર

### પીએમ મોદીના તમિલનાડુ સીએમ વિજયને ફોન પર અભિનંદન

**નવી દિલ્હી.** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તમિલનાડુના નવા મુખ્યમંત્રી સી. જોસેફ વિજય સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી અને રવિવારે પદના શપથ લેવા બદલ તેમને અભિનંદન પાઠવ્યા હતા. ટીવીકે પ્રમુખે દિવસની શરૂઆતમાં તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, વડા પ્રધાન અને તમિલનાડુના નવા મુખ્યમંત્રીએ ફોન પર વાત કરી હતી અને આ વાતચીત દરમિયાન મોદીએ વિજયને રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લેવા બદલ અભિનંદન આપ્યા

...અનુસંધાન પાના 2 પર

## પંજાબના મંત્રી સંજીવ અરોરાને 7 દિવસના ઈડી રિમાન્ડ પર મોકલાયા

**ગુરુગ્રામ, તા. 10 (PTI):** ગુરુગ્રામની એક વિશેષ પીએમએલએ કોર્ટે રવિવારે પંજાબના ઉદ્યોગ મંત્રી સંજીવ અરોરાને અંદાજે 100 કરોડના જીએસટી ફ્રોડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં એક સપ્તાહ માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની કસ્ટડીમાં મોકલી આપ્યા છે. કોર્ટે અવલોકન કર્યું હતું કે તેમની સામેના આરોપો 'ખૂબ જ ગંભીર' છે અને નાણાકીય વ્યવહારોની કડીઓ ઉકેલવા માટે એજન્સીએ તેમની પૂછપરછ કરવાની જરૂર છે.

પંજાબમાં આમ આદમી પાર્ટી (આપ)ના વરિષ્ઠ નેતા એવા અરોરાના વકીલે આક્ષેપ કર્યો હતો કે મંત્રી વિરુદ્ધ ખોટો અને ક્ષુલ્લક કેસ ઊભો કરવામાં આવ્યો છે અને તેમની ધરપકડ પહેલા તપાસ અધિકારી દ્વારા કોઈ પ્રથમ દૃષ્ટિએ પુરાવા એકત્રિત કરવામાં આવ્યા નહોતા.

62 વર્ષીય અરોરાની શનિવારે સાંજે ચંદીગઢમાં તેમના સત્તાવાર નિવાસસ્થાને એજન્સી દ્વારા પાડવામાં આવેલા દરોડા બાદ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

કેન્દ્રીય એજન્સીએ ગુરુગ્રામ સ્થિત 'હેમ્પટન સ્કાય રિયલ્ટી લિમિટેડ' (એચએસઆરએલ) નામની કંપનીના પરિસરમાં પણ તપાસ હાથ ધરી હતી, જેમાં અરોરા ડિરેક્ટર અને શેરહોલ્ડર હતા. શનિવારે એક નિવેદનમાં કંપનીએ કોઈપણ ગેરરીતિનો ઈનકાર કર્યો હતો. કંપનીએ જણાવ્યું હતું કે તેને

...અનુસંધાન પાના 2 પર

## સરકારી ઓઇલ કંપનીઓને દસ સપ્તાહમાં રૂ. એક લાખ કરોડનું નુકસાન

**ઇરાન** યુદ્ધને કારણે ક્રૂડના ભાવ વધવા છતાં ઘરઆંગણે ઈંધણના ભાવ યથાવત રખાતા દરરોજનું રૂ. 1600-1700 કરોડનું નુકસાન થાય છે

**નવી દિલ્હી, તા. 10 (PTI):** દરરોજ આશરે રૂ. ૧,૬૦૦-૧,૭૦૦ કરોડ, ૧૦ અઠવાડિયામાં રૂ. ૧ લાખ કરોડથી વધુ. આ એ કિંમત છે જે સરકારી તેલ કંપનીઓ ભારતીય ગ્રાહકોને વૈશ્વિક ઉર્જા સંકટથી બચાવવા માટે ભોગવી રહી છે, પરંતુ સતત વધી રહેલી ખોટ હવે એવા સવાલો ઉભા કરી રહી છે કે આ કંપનીઓ આર્થિક રીતે પડી ભાંગ્યા વગર ક્યાં સુધી આ બોજ સહન કરવાનું ચાલુ રાખી શકશે.

૧૦ અઠવાડિયા પહેલા મધ્ય પૂર્વમાં યુદ્ધ શરૂ થયું ત્યારથી, સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) એ પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસ (LPG)નો અવિરત પુરવઠો પડતર કિંમત કરતા ઘણી ઓછી કિંમતે સુનિશ્ચિત કર્યો છે, જે વિશ્વની અન્ય ઘણી ઉર્જા પ્રણાલીઓ કરતા વિપરીત છે જેમણે કાં તો રેશનિંગ લાદ્યું છે અથવા કિંમતોમાં ભારે વધારો ઝીંક્યો છે.

આ બાબતની સીધી જાણકારી ધરાવતા બે સ્ત્રોતોએ જણાવ્યું હતું કે, આના પરિણામે ત્રણ સરકારી OMCs - ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) - અત્યાર સુધીની સૌથી વધુ 'અંડર-રિકવરી' (પડતર કિંમત અને છૂટક વેચાણ કિંમત વચ્ચેનો તફાવત) નો સામનો કરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસ પરની સંયુક્ત અંડર-રિકવરી દરરોજ રૂ. ૧,૬૦૦ કરોડથી રૂ. ૧,૭૦૦ કરોડ છે અને ૧૦ અઠવાડિયાની કુલ અંડર-

...અનુસંધાન પાના 2 પર

## પશ્ચિમ એશિયા સંકટ : PM મોદીનો ઈંધણના વિવેકપૂર્ણ ઉપયોગનો આગ્રહ

**ઉર્જા** સંરક્ષણ પર ભાર મૂકી વડાપ્રધાને કહ્યું, દેશને વૈશ્વિક ઉર્જા સંકટમાંથી બહાર કાઢવાની પહેલો ચાલુ છે

**આયાતી** ઉર્જા સંસાધનોનો ઉપયોગ વિવેકપૂર્ણ રીતે અને માત્ર જરૂર હોય ત્યારે જ કરવો જોઈએ : મોદી



**હૈદરાબાદ, 10 (PTI):** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જણાવ્યું હતું કે, પશ્ચિમ એશિયાના સંકટને ધ્યાનમાં રાખીને સમયની માંગ છે કે પેટ્રોલિયમ પેદાશોનો ઉપયોગ વિવેકપૂર્ણ રીતે કરવામાં આવે. તેલંગાણામાં આશરે ૯,૪૦૦ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનું વર્ચ્યુઅલ રીતે શિલાન્યાસ અને ઉદ્ઘાટન કાર્યક્રમમાં બોલતા મોદીએ લોકોને આ અપીલ કરી હતી.

...અનુસંધાન પાના 2 પર

### કોરોના કાળમાં આપણે અપનાવેલી સિસ્ટમ ફરી શરૂ કરવાનો આ સમય છે : મોદી

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટ અને વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નાગરિકોને પેટ્રોલ અને ડીઝલ બચાવવા અપીલ કરતાં કહ્યું કે આપણે

...અનુસંધાન પાના 2 પર

### લોકોને એક વર્ષ માટે વિદેશ યાત્રા મુલતવી રાખવા પીએમ મોદીની અપીલ

પીએમ મોદીએ લોકોને ઓછામાં ઓછા એક વર્ષ માટે વિદેશ યાત્રાઓ મુલતવી રાખવા અપીલ કરી. તેમણે કહ્યું કે આજકાલ, મધ્યમ વર્ગમાં ડેસ્ટિનેશન વેડિંગ, વિદેશ યાત્રા અને

...અનુસંધાન પાના 2 પર

## તમિલનાડુમાં સત્તાનું કેન્દ્ર હું જ રહીશ: વિજય



**આ બાજુ** એક પાવર સેન્ટર, બીજી બાજુ બીજું એવું નહીં હોય

**ડીએમકે** સરકારે તિજોરી ખાલી કરી નાખી હોવાનો દાવો, નાણાકીય સ્થિતિ અંગે શ્વેતપત્ર બહાર પાડશે

**ચેન્નાઈ, તા. 10 :** તમિલનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજયે રવિવારે જણાવ્યું હતું કે તેઓ તેમની આગેવાની હેઠળની સરકારમાં એકમાત્ર પાવર સેન્ટર(સત્તાનું કેન્દ્ર) રહેશે, અને તેમણે પોતાની ઓળખ સામાન્ય પૃષ્ઠભૂમિ ધરાવતા સામાન્ય માણસ તરીકે આપી હતી. વિજયે કહ્યું કે તેઓ ગરીબી અને

...અનુસંધાન પાના 2 પર

### પોતાને હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તીઓનો સંયુક્ત ચહેરો ગણાવ્યો

સમાનતા તેમની પાર્ટીનો અતૂટ પાયાનો સિદ્ધાંત હોવાનું જણાવતા વિજયે કહ્યું કે, TVK શાસન લઘુમતી ભાઈઓની સાથે રહેશે અને તે બાબતે કોઈ શંકા રાખવાની જરૂર નથી. વિજયનો ચહેરો

...અનુસંધાન પાના 2 પર

## NEET 'ગેસ પેપર'ના 180 માંથી 125 પ્રશ્નો સરખા : શંકાસ્પદ ગેરરીતિની તપાસ શરૂ

**SOGની** તપાસમાં જાણવા મળ્યું છે કે આ અનુમાન પેપર પરીક્ષાના લગભગ 15 દિવસ પહેલા કેટલાક લોકો સુધી પહોંચ્યું હતું

**SOG** દ્વારા મોબાઇલ ફોન ડેટા, ચેટ સહિતના રેકર્ડના આધારે સીકરમાં કેટલીક હોસ્ટેલમાં વિદ્યાર્થીઓની પૂછપરછ હાથ ધરી

**નવી દિલ્હી, તા. 10 :** રાજસ્થાનમાં NEET-2026 પરીક્ષામાં શંકાસ્પદ ગેરરીતિઓ સામે આવી છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) આ મામલાની તપાસ કરી રહ્યું છે. અધિકારીઓ કોઈપણ પેપર લીક કે ગેરરીતિઓની સીધી પુષ્ટિ કરવાનું ટાળી રહ્યા છે, પરંતુ આ તારણોએ એજન્સીઓમાં ચિંતા વધારી છે. SOG અધિકારીઓના જણાવ્યા અનુસાર, પરીક્ષાના એક દિવસ પહેલા એક અનુમાન પેપર સામે આવ્યું હતું, જેમાં પરીક્ષાના પેપર સાથે 125 પ્રશ્નો મેળ ખાતા હતા. આ કેસના સંદર્ભમાં એક ડઝનથી વધુ લોકોની પૂછપરછ કરવામાં આવી છે. SOG હવે તપાસ કરી રહ્યું છે કે આ અનુમાન પેપર ક્યાંથી આવ્યું, કોણે જારી કર્યું અને મૂળ પેપર સાથે કેટલા પ્રશ્નો મેળ ખાતા હતા.



સૂત્રોના જણાવ્યા અનુસાર, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ સીકરમાં અનેક છાત્રાલયોમાં પણ પૂછપરછ હાથ ધરી છે. મોબાઇલ ફોન ડેટા, ચેટ અને અન્ય ડિજિટલ રેકોર્ડના આધારે ઘણા યુવાનોની પૂછપરછ કરવામાં આવી રહી છે. હકીકતમાં, NEET પરીક્ષાના એક દિવસ પહેલા, 2જી મેની રાત્રે, કેટલાક વિદ્યાર્થીઓને અનુમાનપત્રો આપવામાં આવ્યા હતા. આ અનુમાનપત્રોમાંથી એકમાં, ભૌતિકશાસ્ત્ર અને જીવવિજ્ઞાનના ઘણા પ્રશ્નો પરીક્ષાના પ્રશ્નો સાથે મેળ ખાતા જોવા મળ્યા હતા. હવે, ATS અને SOG ની સંયુક્ત ટીમ અનેક શંકાસ્પદોની પૂછપરછ કરી રહી છે. તપાસ એજન્સીઓ મોબાઇલ

...અનુસંધાન પાના 2 પર

### પરીક્ષાના દિવસે કેટલાક વિદ્યાર્થીઓએ સીકર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી

આ સમગ્ર મામલામાં બીજી એક મહત્વપૂર્ણ હકીકત સામે આવી છે. અહેવાલો અનુસાર, પરીક્ષાના દિવસે કેટલાક વિદ્યાર્થીઓએ સીકરના ઉદ્યોગ નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે કેટલાક વિદ્યાર્થીઓને પરીક્ષા પહેલા એક અનુમાનપત્ર મળ્યું હતું, જેમાં પહેલાથી જ પરીક્ષાના ઘણા પ્રશ્નો હતા. જોકે, સ્થાનિક પોલીસે તે સમયે આ બાબતને ગંભીરતાથી લીધી ન હતી. તે પછી વિદ્યાર્થીઓએ દસ્તાવેજો અને પ્રશ્નોના મેળ ખાતા આધારે નેશનલ ટેસ્ટિંગ

...અનુસંધાન પાના 2 પર

તા. ૧૦-૦૫-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૪૩.૬° સે. | ૨૯.૦° સે. | ૨૦% |